ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

Department of Science & Technology, Government of Gujarat

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ
- અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.

Date :20ty April, 2021

પ્રતિ,
તંત્રી શ્રી,
................................, ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા

## 'હું પૃથ્વી, મને બચાવો' વિષય પર

**વેશભૂષા વિડીયો સ્પર્ધા દ્વારા અનોખી રીતે વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી**

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતું કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

૨૨ એપ્રિલ એટલે વિશ્વ પૃથ્વી દિવસ. ભારતીય સંસ્કૃતિમાં પૃથ્વીને માતાનું સ્થાન આપવામાં આવ્યું છે. કારણકે પ્રત્યેક જીવની તમામ જરૂરિયાતો પૃથ્વી દ્વારા જ સંતોષાય છે. આથી સમગ્ર વિશ્વએ પણ વાત સ્વીકારીને પૃથ્વીને વિશેષ મહત્વ આપતા ૨૨ એપ્રિલને વિશ્વ પૃથ્વી દિવસ તરીકે જાહેર કર્યો છે. દરેક વર્ષે વિવિધ થીમ આધારિત વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી દ્વારા લોકોને પૃથ્વીના સંરક્ષણ માટે જાગૃતતા કેળવવા વિવિધ પગલા લેવામાં આવે છે.

આ વર્ષની થીમ "RESTORE OUR EARTH" એટલે કે પૃથ્વીને થનાર નુકસાનથી બચાવો આવો. જેનો મુખ્ય ધ્યેય આબોહવાની કટોકટી પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે. કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા દર વર્ષે વિવિધ કાર્યક્રમો દ્વારા થીમ આધારિત ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે 'હું પૃથ્વી, મને બચાવો' વિષય પર ૨ મીનીટની સમય મર્યાદા સાથે વિડીયો સ્પર્ધા દ્વારા ઉજવણી કરવામાં આવી રહી છે.

આ કાર્યક્રમમાં ભાગ લેવા ઇચ્છતાં તમામ લોકો 3 વિવિધ વયજૂથને આધારે ભાગ લઇ શકશે. ભાગ લેનાર સ્પર્ધકે પોતે બનાવેલ વિડીયો લોક વિજ્ઞાન કેન્દ્ર ભાવનગરની વેબસાઈટ www.krcscbhavnagar.org / current events પર તા. 30-0૪-૨૦૨૧ ના ૨૩:૫૯ વાગ્યા સુધી અપલોડ કરવાનો રહેશે. વિજેતા થનાર સ્પર્ધકોને COVID-19 સ્થિતિ હળવી થયા બાદ પ્રોત્સાહિત કરવામાં આવશે.

૨૦/૦૫/૨૧
(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.



follow us on YouTube KRCSCBhavnagar

Also like our facebook Pages : krcscbhavnagarpage | EBCBhavnagar | CreativeCHEMISTRYClub | BACBhavnagar | bapukhagolmelaBhavnagar | VIPNETClubBhavnagarGJ0013 | BURDBhavnagar